**દાવો દાખલ તારીખ ૦૫/૦૩/૨૦૧૮**
**દાવો રજી. તારીખ ૦૫/૦૩/૨૦૧૮**
**ફેંસલ તારીખ ૩૦/૦૩/૨૦૧૮**
**સમય અવધી વર્ષ માસ દિવસ**
**– – ૨૬**

**રાજકોટના મે. ૧૨માં એડી. ડીસ્ટ્રીકટ જજ તથા સ્પે. જજ (ઈલેકટ્રીસીટી એકટ) સાહેબની**

**કોર્ટમાં, મું. રાજકોટ** **સ્પે. સીવીલ સ્યુટ (ઈલે.) નં. ૨૦૩ / ૨૦૧૮**

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**
થ્રુ ઈટસ નાયબ ઈજનેરશ્રી
કુવાડવા સબ ડીવીઝન, રાજકોટ ......... **વાદી**

**વિરૂધ્ધ**

**અરવિંદભાઈ ખોડાભાઈ ડાભી**
ઠે. મું: જીવાપર, ઢોર ઉપર, પ્લોટ વિસ્તાર
તા. ચોટીલા ........ **પ્રતિવાદી**

**દાવો :– <u>વીજ વપરાશ બીલની લેણી રકમ રૂા. ૪૬૫૦૧–૪૫ પૈસા વસુલ મળવા અંગે</u>**
**એડવોકેટસ**
**વાદી તરફે વિધ્વાન વકીલશ્રી જે.એમ. મગદાણી**
**પ્રતિવાદી તરફે : એકતરફી**

**– :: ચુ કા દો :: –**

**(૧)** આ કામના વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી રજીસ્ટર્ડ ઓફીસના તાબામાં જુદાજુદા ડીવીઝન તથા સબ ડીવીઝનની ઓફીસો આવેલ છે અને આ રીતે વાદી કંપનીનું કુવાડવા સબડીવીઝન રાજકોટ મુકામે આવેલ છે. આ કામની દાવા અરજીમાં સહી કરનાર અધિકારી વાદી કંપનીના જવાબદાર અધિકૃત ઓફીસર છે અને હાલના દાવાની હકીકતથી માહીતગાર છે.

**(૨)** આ કામના પ્રતિવાદી વાદી પીજીવીસીએલની કુવાડવા સબડીવીઝન પાસેથી કાયદેસર રીતે વીજજોડાણ મેળવ્યા વગર વીજવપરાશ કરતા હોય બીનઅધીકૃત, બીન નોંધાયેલ વીજવપરાશકાર હોય નોન કન્ઝયુમર દરજજે તેમને કરેલ વીજવપરાશની રકમ મેળવવા હાલનો દાવો વાદી કંપનીએ પ્રતિવાદી સામે લાવેલ છે. આ કામના પ્રતિવાદીની સ્થાનીક જગ્યાએ રાજકોટ જીલ્લાના કુવાડવા સબડીવીઝનના તાબાના વિસ્તારમાં વીજ કનેકશન ચેક કરવા માટે તારીખ ૧૬/૧૨/૨૦૧૫ ના ના રોજ વાદી કંપનીના અધિકારીઓ દ્વારા વીજસ્થાપન ચેક કરતાં પ્રતિવાદીએ પોતાના મકાનની બાજુમાં આવેલ હળવા દબાણની વીજલાઈનના પોલ પરથી પીળા કલરના વાયરની મદદથી બિનઅધિકૃત રીતે વીજવપરાશ કરતા હતા. આ

રીતે લંગર નાખી સીધુ જોડાણ બિનઅધિકૃત રીતે વીજવપરાશ કરતા હતા. જે ચેકીંગ શીટમાં દર્શાવેલ છે. આમ બિનઅધિકૃત રીતે વિજજોડાણ કરીવિજ વપરાશ કરતા માલુમ પડેલ તેથી ગેરકાયદેસર વીજજોડાણ કાપી નાખેલ. આ રીતે વીજ જોડાણ ચેક કરતા પ્રતિવાદી પાસે વાદી કંપનીનું કોઈ કનેકશન હૈયાત ન હતું. ઉપરોકત વિગતે ચોરી કરતા માલુમ પડેલ. પ્રતિવાદીએ લાઈન ખેંચીને સીધી પાવરચોરી કરી બીનઅધિકૃત રીતે વીજવપરાશ કરી સ્પષ્ટ પાવર ચોરી કરતાં માલુમ પડેલ વાયર કબજે કરેલો, ચેકિંગ રીપોર્ટ ભરેલો તે તમામ પ્રક્રિયા કરેલી. વાદી કંપનીના અધિકારીઓએ સહી કરેલ. આમ પ્રતિવાદી સ્થળ ઉપર ડાયરેકટ વીજચોરી કરતાં હોય વાદી કંપનીએ નિયમમાનુસાર વીજ ચોરીનું બીલ આપેલ છતાં સદરહું રકમ આ કામના પ્રતિવાદીએ ભરપાઈ ન કરતા વાદી કંપનીને હાલનો દાવો લાવવાની ફરજ પડેલ છે.વાદીની કચેરી દ્વારા ઉપરોકત પ્રતિવાદી ને બીલ આપેલુ જે પ્રતિવાદી એ ભરેલ નહી. ત્યારબાદ આ કામના વાદીએ પ્ર તિવાદીને તા. ૧૨/૫/૧૬ ના રોજ રૂા. ૩૫૭૬૭–૪૪ પૈસાની ચોરી બીલની નોટીસ આપેલ, પરંતું આ નોટીસનો કોઈ જવાબ આપેલ નહી કે નોટીસ મુજબની કોઈ રકમ પ્રતિવાદી એ જમા કરાવેલ નથી. પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ વીજચોરી અંગે જે જે કાર્યવાહી કરવામાં આવેલ તે અંગેના પેપર્સ વાદી દ્વારા દાવાની સાથે રજુ રાખેલા છે. આ કામના પ્રતિવાદી પાસે વાદી કંપનીના વીજવપરાશની પુરવણી બીલની રકમ અને વિલંબીત ચૂકવણી ચાર્જના મળીને કુલ રૂા. ૪૬૫૦૧–૪૫ પૈસા લેણા રહે છે. પ્રતિવાદી ને આપેલ નોટીસનો પ્રતિવાદી દ્વારા કોઈ અમલ ન કરતા વાદી કંપની દ્વારા હાલનો દાવો લાવવાની નાછુટકે ફરજ પડેલ .

**(૩)** હાલનો દાવો દાખલ થતાં આ કામના પ્રતિવાદીને સમન્સ / નોટીસ કરતાં તેઓને યોગ્ય રીતે સમન્સ / નોટીસ બજી ગયેલ હોવા છતાં તેઓ હાજર થયેલા નથી અને તેમના વિરૂધ્ધ એકતરફી કાર્યવાહી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.આમ આ કામના પ્રતિવાદી દ્વારા વાદીના દાવાની કોઈ હકીકત ને પ્રતિવાદી દ્વારા પડકારવામાં આવેલ નથી.

**(૪)** વાદીએ પોતાના દાવાના સર્મથનમાં આંક ૦૭ થી રીકેશકુમાર ગીરવતસિંહ રાઠોડને તપાસેલ છે અને તેમની જુબાની દરમ્યાન નીચે મુજબના દસ્તાવેજો રજુ કરી પુરવાર કરવામાં આવેલા છે.

**–:: દ સ્ તા વે જી પુ રા વા ઓ ::–**

| **અનુક્રમ નંબર** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| (૧) | ૯ | પરફોર્મા નં. ૧૨ |

| | | |
|---|---|---|
| (૨) | ૧૦ | લેજર કોપી |
| (૩) | ૧૧ | ઓફીસ નોટ |
| (૪) | ૧૨ | પ્રમાણપત્ર |
| (૫) | ૧૩ | રજી.એડીની એકનોલેજમેન્ટ સ્લીપ |
| (૬) | ૧૪ | નોટીસ |
| (૭) | ૧૫ | રજી.એડીની એકનોલેજમેન્ટ સ્લીપ |
| (૮) | ૧૬ | વીજચોરીનું બીલ |
| (૯) | ૧૭ | ગણતરી |
| (૧૦) | ૧૮ | ચેકીંગ રીપોર્ટ |
| (૧૧) | ૧૯ | રોજકામ |
| (૧૨) | ૨૦ | એનેક્ષર ૪ |

ત્યારબાદ આ કામના વાદી તરફથી આંક ૨૧ ની પુરશીશથી તેઓએ પોતાનો મૌખીક પુરાવો પુરો થયાનું જાહેર કરી પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ.

**(૫)** આ કામમાં પ્રતિવાદી સામે હાલનો દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે તેથી પ્રતિવાદી દ્રારા કોઈપણ પ્રકારનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

**(૬) હાલના દાવાના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ આંક ૦૬ થી ફેમ કરેલ છે.**

૧. શું વાદી પુરવાર કરે છે કે પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે વીજચોરી કરી વીજવપરાશ કરેલ છે ?

૨. શું વાદી પુરવાર કરે છે કે તેઓ પ્રતિવાદી પાસે વીજચોરીના બીલની રકમ લેવા હકકદાર થાય છે ?

૩. શું વાદી પુરવાર કરે છે કે તેઓ બીલની રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર થાય છે ?

૪. શું વાદીનો સમયમર્યાદામાં છે ?

૫. શું હુકમ તથા હુકમનામુ ?

ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે કરેલ ચર્ચા મુજબ આ પ્રમાણે છે.

૧. હકારમાં

૨. હકારમાં

૩. હકારમાં

૪. હકારમાં

૫. આખરી હુકમ મુજબ

**—— ::: <u>કા ર ણો</u> ::——**

**(૮)** આ કામમાં મુદ્દા નં. ૧ થી ૪ની હકીકતો એકબીજા સાથે સંકળાયેલી હોય તેથી પુનરાવર્તન નો દોષ નિવારવા માટે મુદા નં. ૧ થી ૪ ની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**(૯)** આ કામના વાદીના દાવાની હકીકત મુજબનો પુરાવો વાદી કંપનીના જવાબદાર

અધિકારી રીકેશકુમાર ગીરવતસિંહ રાઠોડએ આંક ૦૭ પોતાના પુરાવાના સોગંદનામામાં જણાવેલ છે. આ સાહેદે વાદી કંપનીના આ સાહેદના પુરાવાને પ્રતિવાદી દ્વારા પડકારવામાં આવેલ નથી.

આમ કાયદાકીય સિધ્ધાંત મુજબ જો વાદીની સોગંદપૂર્વકની હકીકતોને જો પ્રતિવાદી દ્વારા પડકારવામાં ન આવે તો તે આ હકીકતો સ્વીકારે છે તેમ માનવુ પડે. આ ઉપરાંત વાદી કંપનીના અધીકારીના આંક ૭ના મૌખીક પુરાવા તથા આંક ૦ ૯ થી આંક ૨૦ વિગેરે દસ્તાવેજી પુરાવાઓ ઉપરથીએ હકીકત સ્પષ્ટ પુરવાર થાય છે કે તારીખ ૧૬/૧૨/૨૦૧૫ ના ના રોજ વાદી કંપનીના અધિકારીઓ દ્વારા વીજસ્થાપન ચેક કરતાં પ્રતિવાદીએ પોતાના મકાનની બાજુમાં આવેલ હળવા દબાણની વીજલાઈનના પોલ પરથી પીળા કલરના વાયરની મદદથી બિનઅધિકૃત રીતે વીજવપરાશ કરતા હતા. જે ચેકીંગ શીટમાં દર્શાવેલ છે. આ કામના વાદીએ પ્રતિવાદીને તા. ૧૨/૫/૧૬ ના રોજ રૂા. ૩૫૭૬૭–૪૪ પૈસાની ચોરી બીલની નોટીસ આપેલ ત્યારબાદ આ કામના પ્રતિવાદી પાસ વાદી કંપનીના વીજવપરાશની પુરવણી બીલની રકમ અને વિલંબીત ચૂકવણી ચાર્જના મળીને કુલ રૂપીયા ૪૬૫૦૧–૪૫ પૈસા બાકી લેણા રહે છે. આ કામના સાહેદએ રાજયસેવક છે તેઓએ જે કોઈ કાર્યવાહી કરી છે તે પોતાની ફરજના ભાગરૂપે કરી છે તેમજ રજુ થયેલા તમામ દસ્તાવેજોએ અસલની ખરીનકલો છે અને આ આંક ૦૯ થી આંક ૨૦ સુધીના તમામ દસ્તાવેજો પ્રોપર કસ્ટડી માંથી રજુ થયેલ છે, આ દસ્તાવેજોને પ્રતિવાદી દ્વારા કોઈપણ રીતે પડકારેલા નથી ત્યારે આ દસ્તાવેજોને ન માનવા નું કોઈ કારણ રહેતું નથી.

**(૧૦)** આ કામના વાદી દ્વારા ૧૨ % ના વ્યાજની માંગણી કરેલ છે પરંતું આ કામના પક્ષકારો વચ્ચે વ્યાજ અંગે કોઈ લેખીત કરાર કરવામાં આવેલ નથી આ સંજોગોમા પ્રવર્તમાન બેંક વ્યાજના ધોરણો તથા નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપીત કરવામાં આવેલા વ્યાજના ધોરણો ધ્યાનમાં લેતા વાદીની ૧૨ % વ્યાજની માંગણી વધારે પડતી હોય. તેથી વાદી પોતાની લેણી રકમ ઉપર વાર્ષીક ૯ % વ્યાજ સહીત લેણી રકમ મેળવવા હકકદાર છે.

**(૧૧)** આ કામના વાદી કંપનીના અધીકારીઓ દ્વારા તા. ૧૬/૧૨/૧૫ ના રોજ પ્રતિવાદીની જગ્યાનું ચેકીંગ કરેલ છે અને જરૂરી રીપોર્ટસ તૈયાર કરેલા છે અને વાદી દ્વારા પ્રતિવાદીને તા.૧૨/૫/૧૬ ના રોજ લેખીતમાં નોટીસ આપેલ જયારે હાલનો દાવો તારીખ ૫/૩/૧૮ ના રોજ દાખલ કરવામાં આવેલ છે, આમ હાલનો દાવો વાદીએ હાલનો દાવો ત્રણ વર્ષની સમયમર્યાદામાં દાખલ કરેલ છે તેથી વાદીનો દાવો

સમયમર્યાદામાં દાખલ કરવામાં આવેલ છે અને વાદીના દાવાને લીમીટેશન એકટનો કોઈ બાધ નડતો નથી.

**(૧૨)** ઉપરોકત ચર્ચા મુજબ પોતાનો દાવો સાબીત કરવામાં સફળ રહયા છે તેથી મુદ્દા નં. ૧ થી ૪ નો નિર્ણય હકારમાં ઠરાવી મુદ્દા નં. ૫ સંબંધે નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**— :: હુ ક મ ::—**

**(એ)** વાદીનો દાવો મંજુર કરવામાં આવે છે અને પ્રતિવાદીને એવો હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદીએ વાદીને રૂા. ૪૬૫૦૧—૪૫ પૈસા દાવો દાખલ થયાની તારીખથી રકમ વસુલ થાય ત્યાં સુધી વાર્ષીક નવ ટકા (૯ % )ના સાદા વ્યાજસહીત ચુકવી આપવા અને વાદી તે રકમ પ્રતિવાદી ની જાત તથા હરેક પ્રકારની મીલકતમાંથી વસુલ મેળવવા હકકદાર રહેશે.

**(બી)** વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીએ ચુકવી આપવો. હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા.૩૦મી માહે માર્ચ સને ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

રાજકોટ તા.૩૦/૦૩/૨૦૧૮

**( વિનોદ વી. પરમાર )**
**૧૨માં એડી. ડીસ્ટ્રીકટ જજ તથા**
**સ્પે. જજ (ઈલેકટ્રીસીટી એકટ)**
**રાજકોટ**
**UNIQ ID NO.GJ01514**